... ચિકિત્સા માં ચરક શ્રેષ્ઠ છે...
વર્ણવેલ ઔષધ યોગ માં વપરાતી વનસ્પતિઓ ની ઓળખ અને પરીચય નહી હોય તો જોઇએ એવી સફળતા ચિકિત્સા માં નહી મળે... પુર્નવસુ આત્રેય આ જ બાબત અગ્નિવેશ ને ચરકસંહિતા ના સૂત્રસ્થાન ના પહેલા અધ્યાય માં ભાર પૂર્વક જણાવે છે...
પહેલા અધ્યાય માં શરીર સંશોધન અર્થે જે વનસ્પતિ મૂળ વપરાય છે એવી ૧૬ તથા ફળ કે બીજવપરાય છે એવી ૧૯ ક્ષીર વપરાતી હોય એવી ૩ અને છાલ વપરાતી હોય એવી ૩ એમ કુલ ૪૧ વનસ્પતિઓના નામ અને ઉપયોગીતા ટૂંક માં કહી છે...
આ PDF દ્વારા આજના સમય માં એ વનસ્પતિઓ કઇ કઇ હોઇ શકે એ જણાવા જણાવવાનો પ્રયાસ કરેલ છે...

સંકલન અને રજુઆત :
ડૉ.ભાવેશ મોઢ (ગાંધીધામ-કચ્છ)
 98 79 07 24 45

9:49 PM

VISIT…

LANZAROTE Caliente.COM

षोडश मूलीनी।

ચરકસંહિતા ના સૂત્રસ્થાન ના પહેલા અધ્યાય માં વમન વિરેચન અને શિરોવિરેચન માં ઉપયોગી ૧૬ વનસ્પતિઓ કે જેઓનાં માત્ર મૂળીયા ઉપયોગ માં લેવાય છે એનું વર્ણન કરેલ છે...

અહિંયા એ વનસ્પતિઓ ને મૂળ સંસ્કૃત નામ ના અર્થ સાથે ગુજરાતી અને વૈજ્ઞાનિક નામ સહિત સચિત્ર દર્શાવવા ની કોશીશ કરેલ છે...

1.. **हस्तिदंति**
હાથી ના દાંત જેવા મજબુત માંસલ અને મોટા મૂળિયાં ધરાવતી વનસ્પતિ જેને **नागदंति** પણ કહે છે..
हस्ति અને नाग શબ્દ પ્રભાવશાળી વિશાળકાય માટે વપરાય છે...
વૈજ્ઞાનિક નામ **Corton Oblongifolium** છે
ઉત્પતિ સ્થાન બંગાલ પ્રાંત મનાય છે અને ત્યાંથી જ બજાર માં આવે છે...

આના મૂળીયા વિરેચન માટે વપરાય છે...

7:04 PM

Croton oblongifolius Roxb.



2... हैमवती
સુવર્ણ સમાન દેખાતી...
ગુજરાતી માં જેને ધોળી વજ કહે છે... જેનું વૈજ્ઞાનિક નામ Iris ensata Thunb છે... આ વનસ્પતિ ના ફૂલ ની પાંખડી ની વચ્ચે સુવર્ણ GoldenColour રચના જોવા મળે છે જેથી એને સુવર્ણ સદ્દશ હૈમવતી કહેવાય છે...

આના મૂળ छर्दने એટલે કે ઊલટી માં વપરાય છે...

11:09 AM


Iris ensata Thunb
हैमवती

हैमवती

ધોળી વજ


हैमवती (मूलीनी)
ધોળી વજ

3.. **श्यामा**
ત્રિવૃત ના જ દિર્ઘકાલીન જમીન માં રહી ને પરીપકવ થયેલ મૂળ સૂકાતાં કાળાશ પડતાં રંગ ના થાય છે... જેને શ્યામા તરીકે વિદ્વાનો જાણે છે... જે તીવ્ર વિરેચન કરનારાં હોય છે...

4.. **त्रिवृत**
ત્રણ વળ વાળુ પ્રકાંડ ધરાવતી વનસ્પતિ... આ વનસ્પતિ ના ફળ તથા ફુલ માં પણ ત્રણવૃત દેખાય છે એથી એને ત્રિવૃત કહે છે...
ગુજરાતી નામ નસોતર છે વૈજ્ઞાનિક નામ Operculina turpethum છે...
ત્રિવૃત ના તાજા કાઢેલા મૂળીયા સવાર ના સૂર્યોદય માફક अरुण એટલે કે લાલ હોય છે અને એ સુખવિરેચનીય છે...

પ્રિયવ્રત શર્મા નું લખવું છે કે સંહિતા માં જ્યાં ત્રિવૃત અને શ્યામા એક સાથે ઉલ્લેખાયેલ છે ત્યાં શ્યામા એ અલગ વનૌષધિ વેલ હોય એવું લાગે છે...

11:11 AM

श्यामा

त्रिवृत

Operculina turpethum (L.) Silva Manso

त्रिवृत

Operculina turpethum (L.) Silva Manso


त्रिवृत
अरुणाभ मूलीनी

5..अधोगुडा
નીચે ના ભાગે વિંટાળાઇ ને રક્ષણ કરે... અધોભાગ ના દોષ ને વિંટી ને બહાર કાઢી શરીર નું રક્ષણ કરે...
વૈજ્ઞાનિક નામ Euphoria Nivulia
આપણે ત્યાં ખેતર ની ફરતે જે જીવંત - રક્ષક વાડ તરીકે થોર ઉછેરાય છે તે स्नुही અથવા સુધાવૃક્ષ જેને euphoria Caducifolia છે જેનું ઔષધી માં પ્રયોજ્ય અંગ ક્ષીર છે...
આ જ અધ્યાય ના અંતે સ્નુહી ક્ષીર ને વમન અને વિરેચન માટે ગણાવે છે.. જે પણ સાબિત કરે છે કે अधोगुडा અને સ્નુહી અલગ પ્રજાતી છે...અને महावृक्ष તરીકે જે થોર ની પ્રજાતી છે એ દરીયાઇ આબોહવા જમીન માં થાય છે જેને euphoria Neriifolia થી ઓળખી શકાય છે...

ચરકસંહિતા માં દરેક દરેક સૂત્ર અને એમાં આવતાં પ્રત્યેક શબ્દ લખવા પાછળ ઘણું ઊંડું ચિંતન છે... ઔષધ દ્રવ્યો અને અન્ય શબ્દો ના પર્યાય થી ટીકાકારો એ મૂળ હાર્દ સમાન અર્થ માં વિસંવાદીતા અને સંદિગ્ધતા ક્રિએટ કરેલ છે...

ચરકસંહિતા ગ્રંથ નું બંધારણ શ્રેષ્ઠ છે... એની ખાતરી કરાવવા ગ્રંથકાર પોતે જ तंत्रयुक्ति નું વિવેચન કરે છે અને એ પ્રમાણે ગ્રંથ નિર્માણ કરાયો છે એવી બાંહેધરી આપે છે... 11:12 AM


Euphoria Nivulia
अधोगुडा (मूलीनी)

अधोगुडा

EUPHORBIA NIVULIA

6..सप्तला
જે સાત ને ઓછા કરે છે...
આધ્યાત્મિક દ્રષ્ટિકોણ થી મન બુધ્ધિ તથા પંચ ઇન્દ્રિય ના વિષયો એમ સાત પ્રકાર ના દોષો ને ઓછા કરવા માં જે ઉપયોગી છે તે સપ્તલા...
આયુર્વેદિક દ્રષ્ટિકોણ થી સાતેય ધાતુઓ ની શુદ્ધિ કરનાર સપ્તલા...

વિદ્વાનો આને શિકાકઇ (ચિકાખાઇ) ગુજરાતી માં કહે છે લેટીન નામ Acacia Concinna છે..

આના મૂળ વિરેચન માં પ્રયોજાય છે...

 પ્રેકટીકલી આની ફલશીંગ નો યવકૂટ પાઉડર કરો તો જબરી છીંકો આવે છે એટલે કે શિરોવિરેચન થઇ જાય છે...
11:14 AM

सप्तला

Acacia concinna
Fabaceae


શિકાકાઈ

7..श्वेतनामा
વિદ્વાનો શ્વેત પુષ્પ ની અપરાજીતા તરીકે આ વનસ્પતિ ને ઓળખાવે છે...
જેના સંસ્કૃત નામ गीरीकर्णिका પર થી ગુજરાતી માં ગરણી કહે છે...
જયારે ઘેરા આસમાની રંગ ના પુષ્પ વાળી અપરાજીતા ને विष्णुकांता કહે છે પ્રભુ વિષ્ણુ નો શરીર નો રંગ નીલો બતાવેલ છે...
વૈજ્ઞાનિક નામ : Clitoria Ternatea છે

शिर्षविरेचन માં આના મૂળીયા પ્રયોજાય છે...

11:15 AM

Clitoria Ternatea

श्वेतनामा (मूलीनी)


विष्णुकांता
अपराजिता

8..प्रत्येक श्रेणी
સરખા ભાગે , સમાન રીતે એટલે દંતી ના છોડ
પ્રત્યેક પર્ણ અને એના પત્રકોણ માંથી પુષ્પદંડ,
ફળ, ફળ નો આકાર વગેરે એક સમાન હોવાથી
એને પ્રત્યેકશ્રેણી કહ્યું છે..
આના મૂળ હાથી ના દાંત સમાન દેખાય છે એટલે
દંતી... હસ્તિ નો અર્થ વિશાળતા બતાવવા થાય
છે... એટલે પ્રથમ જે બતાવેલ છે એનાથી આ
પ્રજાતી ના મૂળીયા સાપેક્ષે આકાર - કદ માં નાના
હોય છે...

ગુજરાતી માં નેપાળો કહે છે નેપાળ માં થતો હશે
એટલે...

વૈજ્ઞાનિક નામ Baliospermum
Montanum..

આના મૂળીયા વિરેચન માટે વપરાય છે...

11:16 AM


Baliospermum Montanum
प्रत्येक श्रेणी (मूलीनी)

दंति

प्रत्येक श्रेणी


दंति मूल
प्रत्येक श्रेणी


दंति मूल

9..गवाक्षी
गां भूमिम् अक्ष्णोति व्याष्नोति આ વનસ્પતિ જે ભુમી પર ઉગે છે, એના પર છવાઇ જાય છે... બીજા અર્થ માં ગાય ની આંખ જેવા ફળ ધરાંવતી...
વિદ્વાનો આ વનસ્પતિ ને ઇંદ્રવારુણી કહે છે... પણ ઇંદ્રવારુણી ની ત્રણેક જાતી પૈકી ની એક પ્રજાતી જેના ફળ નાના અને રૂવાંટી વાળા હોય છે ; જેને ગુજરાત માં ગાયવસુકણાં કહેવાય છે એ વનસ્પતિ ને ગવાક્ષી જાણવી ...
 એનું વૈજ્ઞાનિક નામ Citrullus Colocynthis

વિરેચન યોગ માં આના મૂળીયા પ્રયોજાય છે...

11:16 AM

Citrullus Colocynthis

गवाक्षी (मूलीनी)


गवाक्षी
ગાયવસુકણાં


गवाक्षी मूलीनी

10. ज्योतिष्मती
જેમાં તેજ/અગ્નિ નો ગુણ રહેલ છે એવી વનસ્પતિ...

જ્યોતિષમતિ ના બીજ ને ગુજરાતી માં માલકાંગણા કહે છે.. આ બીજ ના રંગ રૂપ અને ગંધ લાલ સૂકા મરચા ના પાઉડર જેવા હોય છે... અને પિત્તવર્ધક હોય છે... એટલે ઉપર ની જે વ્યુત્પતિ ज्योतिः अस्ति अस्य इति ज्योतिष्मती બરાબર લાગુ પડે છે...
વૈજ્ઞાનિક નામ Celastrus Paniculata છે...
મૂળ નો પ્રયોગ શિરોવિરેચન (નસ્ય) માં કરવાનું જણાવેલ છે...
11:17 AM


Celastrus Paniculata
ज्योतिष्मती (मूलीनी)


ज्योतिष्मती
માલકાંગણી


માલકાંગણા (બીજ)

11. बिम्बी
જેનું પ્રતિબિંબ પડે... જેની છાપ મન માં અંકિત
થઇ જાય એવું આકર્ષક ફળ વાળી વનસ્પતિ...
જંગલી કડવી ઘીલોડી ના વેલ પર પાકેલ બિમ્બી
ફલ આકર્ષે છે...
વૈજ્ઞાનિક નામ Cephalandra Indica
મૂળ નો ઉપયોગ छर्दने ચરક માં લખેલ છે...
11:18 AM

Cephalandra Indica

बिम्बी (કડવી ધીલોડી)

बिम्बी

ઘીલોડી / ટીંડોરા

12.. શણપુષ્પી
શણ નો અર્થ (શ = સુખ , અણ= અલ્પ દર્શાવતો પ્રત્યય) **નાનું પણ સુખ આપનાર..** શણ ના રેષા માંથી દોરડા અને વસ્ત્ર બનાવવા માં આવતાં એટલે એ વનસ્પતિ સ્વનામ ખ્યાતિપ્રાપ્ત હતી.. એના પુષ્પો જેવા આકાર ની અન્ય વનસ્પતિ ને શણપુષ્પી કહે છે... એની ફલશીંગ સૂકાઇ જાય ત્યારે ઘુઘરાં ની માફક ખખડે છે એટલે ગુજરાતી માં એને **ઘુઘરાં** કહે છે..
વૈજ્ઞાનિક નામ Crotalaria Spectabilis

મૂળ નો ઉપયોગ છર્દને ચરક માં લખેલ છે.

11:18 AM


Crotalaria Spectabilis
शणपुष्पी (मूलीनी)


शणपुष्पी
घुघरां

13.. विषाणिका
विष + अण + इक थी બનેલ શબ્દ છે.. વિષ નો અર્થ ઝડપથી વિંટી લેવું (આચ્છાદિત કરવું) થાય છે... વિષાણીકા થી મોટાભાગ ના વિદ્વાનો ટીકાકાર ડલ્હણ નો મત ગ્રાહ્ય રાખી ને મેષશ્રૃંગી લે છે...
જયારે બાપાલાલ ગ. વૈધ
તર્ક અને ઉદાહરણ સાથે નિઘંટુ આદર્શ માં ચમારદુધેલી જેનું વૈજ્ઞાનિક નામ Pergulauria Daemia છે...એને જણાવેલ છે... અને સંશોધન ના ઉપયોગ પરત્વે એ વધુ યોગ્ય લાગે છે ..

વિષાણીકા ના મૂળ વિરેચન માં પ્રયોજાય છે...

11:20 AM


Pergularia Daemia
विषाणिका (मूलीनी)

विषाणिका

ચમારદુધેલી

14..अजगंधा
અજ એટલે બકરૂ... બકરા ના જેવી ઉગ્રગંધી વનસ્પતિ તરીકે સફેદ પુષ્પો ની તલવણી છે... જેનું વૈજ્ઞાનિક નામ Gynandropis Gyndndra છે.. અજગંધા ના મૂળીયા વિરેચન માટે વપરાય છે...

11:21 AM


Gynandropis Gyndndra
अजगंधा (मूलीनी)



अजगंधा
ધોળી તલવણી

15..द्रवन्ति
द्रु + अन्ति જે ઝડપી નિવેડો લાવે છે..
द्रवन्ति થી મોટાભાગ ના વિદ્વાનો ગુજરાતી માં ઓળખાતી રતનજોટ એટલે કે Jatropha Glandulifera ને ગણાવે છે..

આના મૂળ વિરેચન માં પ્રયોજાય છે...

11:21 AM

Jatropha Glandulifera

द्रवन्ति (मूलीनी)


द्रवन्ति
રતનજોટ

16..क्षीरिणी
આ સંદિગ્ધ છે ... વિદ્ધાનો નો મતમતાંતર છે...
એમ છતાંય ડોડી ની એક જાત अर्कपुष्पी જે
ખીરડોડી નામે ઓળખાય છે જેનું વૈજ્ઞાનિક નામ
Holo Stema Rheedii છે... એના ગુણકર્મ
આને વધુ મેળે આવે છે...

આના મૂળ વિરેચન માં પ્રયોજાય છે...   11:22 AM

Holostema Rheedii

क्षीरिणी

क्षीरिणी

ખીરડોડી

ચરકસંહિતા ના સૂત્રસ્થાન ના પહેલા અધ્યાય માં 16 મૂલીની ના વર્ણન બાદ 19 ફલીની નું વર્ણન કરેલ છે.. આ વનૌષધિઓ ના ફળ કે બીજ નો ઉપયોગ વમન વિરેચન આસ્થાપન શિરોવિરેચન વિગેરે શરીર સંશુદ્ધિ માટે ના ઔષધ યોગ માં કરવા માં આવે છે...

1..शंखिनी (

शङ्खवत् पुष्पम् अस्ति अस्याः । शङ्ख +इनिः

જેના પુષ્પ શંખ સમાન દેખાય છે એ શંખીની વનસ્પતિ...

વિદ્વાનો માં આ વનસ્પતિ માટે ઘણાં મતમતાંતર છે જેમાં કોઇએ શંખપુષ્પી લીધી છે તો કોઇએ આંખફુટામણી...

આ શંખીની વનસ્પતિ ના ગુણકર્મ શંખપુષ્પી કરતાં વધુ મેળે આંખફુટામણી ની સાથે બંધબેસતા આવે છે... આંખફુટામણી ના ઉપપર્ણ ની રચના શંખ સદ્દશ છે અને જે પુષ્પદંડ ની પાસે જ હોય છે વળી પુષ્પ ખરી ગયા પછી પણ ઉપપત્ર જોવા મળતું હોય છે..આથી એને પુષ્પ સમજી ને શંખીની નામ અપાયું હશે ...

આંખફુટામણી નું વૈજ્ઞાનિક નામ Ctenolepis cerasiformis છે. આના ફળ વિરેચન માં પ્રયોજાય છે...

12:34 PM

Ctenolepis Cerasiformis

शंखिनी

शंखिनी

આંખફુટામણી


શંખિની
આંખફુટામણી


शंख


शंखिनी
આંખફુટામણી
May.16,2018
PhotoDirector

2.. विडङ्ग
विड् + अंग વિડ એટલે આક્રોશ... વાવડીંગ ના
બીજ (विडङ्गं तंदुल) જેને ખાંડતા બહું મહેનત
પડે છે..એટલે ખાંડનારા ને આક્રોશ આવે છે..
બીજા અર્થ માં મંદજઠરાગ્નિ, શૂલ, આધ્માન,
વિબંધ વિગેરે નો આક્રોશ પૂર્ણ રીતે નાશ કરે છે
આથી विडति भिनति विडङ्गं।
ગુજરાતી માં વાવડીંગ અને વૈજ્ઞાનિક નામ
Embelia Ribes છે... આના ફળ નો
વિરેચનયોગ માં ઉપયોગ થાય છે... 12:36 PM

Embelia Ribes


विडङ्ग

विडङ्ग फलानि

વાવડીંગ

3.. त्रपुस
त्रप (શરમાવવું) + उस (બળવું)
અર્થ સમજી શકાય છે... શબ્દો માં વ્યક્ત કરવો મુશ્કેલ છે...

વિદ્વાનો કડવી કાકડી ના ફળ ને ત્રપુસ તરીકે લે છે અને વમન માં તેમજ આસ્થાપન માં પ્રયોજાય છે...
વૈજ્ઞાનિક નામ Cucumis sativus છે પણ કડવી પસંદ કરવી...
12:37 PM


Cucumis sativus (Bitter)
त्रपुस

4..मदन

ઉન્મત કરનાર... એવું સુખ કે જે આનંદ ની માત્ર ઝલક દેખાડે... પ્રબળતા થી ઉત્સુક કરે... ગુજરાતી માં જેને મીંઢળ કહે છે.. અને પ્રબળ વામક દ્રવ્ય છે...વૈજ્ઞાનિક નામ Randia Dumetorum છે...

મીંઢળ ના ફળ ની મીંજ ને વમન તથા આસ્થાપન યોગો માં પ્રયોજવા માં આવે છે... 12:44 PM

Randia Dumetorum

मदनफल



मदन
મીંઢળ

5..धर्मागाव
ધામ એટલે સુર્ય સમાન તેજ... કફ - આમ દોષ ને
વમન દ્વારા દૂર કરી ને ક્રાંતી - તેજ શરીર માં પ્રગટ
કરનાર (લાવનાર) વનસ્પતિ

ગુજરાતી માં જે ને ગલકાં કહે છે વૈજ્ઞાનિક નામ
Luffa Aegyptiaca છે..

કડવા ગલકાં ને વમન તથા આસ્થાપન યોગો માં
પ્રયોજવા માં આવે છે...

12:54 PM


Luffa Aegyptiaca
धर्मागाव

धर्मगाव

કડવું ગલકું

6..इक्ष्वाकु
જે વનસ્પતિ ને તોડતાં " ઇક્ષુ " જેવો અવાજ થાય છે એ ઇક્ષ્વાકુ... ગુજરાતી માં જેને કડવી તુંબડી કહે છે. વૈજ્ઞાનિક નામ Lagenaria Vulgaris છે..

કડવીતુબંડી ના ફળ વમન તથા આસ્થાપન યોગો માં પ્રયોજવા માં આવે છે... 1:03 PM


Lagenaria Vulgaris
इक्ष्वाकु


इक्ष्वाकु
કડવી તુંબડી
© GINHP / G. McCormack

7..જીમૂત
જી (જીવન-પ્રાણ) + મૂત (જોડાયેલું-સંબંધિત)
જે જીવન સાથે જોડાયેલ છે એ ...
મેઘ (જે વાદળ વર્ષા માં વરસે એ) ને પણ જીમૂત કહે છે ..

કેમ્પબેલ હોસ્પિટલ કલકતા ના એમ.ડી. ડૉક્ટર હેમચંદ સેન ની એક નોંધ છે કે, Luffa Echinata (જીમૂત) ના ટીંક્ચર ની મૂત્રલ અસર સોજા તેમજ Cirrhosis of liver ના દર્દી માં ઘણી હિતકારી હોય છે.. એના જેવા શ્રેષ્ઠ; બીજા કોઇ મૂત્રલ દ્રવ્ય એમના પ્રયોગ માં સાબિત થયા નથી...
એટલે કે જીમૂત ....
મેઘ ની જેમ મૂત્રલ અસર કરે છે.. એજ રીતે કમળા માં જીમૂત ના ફળ નું નસ્ય આપતા મેઘ વરસે એમ દુષ્ય નાસાસ્ત્રાવ માં બહાર નીકળે છે...
ગુજરાતી માં આને કૂકડવેલા કહે છે..
ચરકસંહિતા માં વમન અને આસ્થાપન યોગો માં પ્રયોજ્યા છે...

4:59 PM

Luffa Echinata

जीमूत


जीमूत
डडवेला

8..कृतवेधन
कृत + वेधन
જે પોતે જ પોતાના ફળ માં છેદ કરે છે એવી વનસ્પતિ...

જેને ગુજરાતી માં કડવાતુરીયાં કહે છે.. એનું વૈજ્ઞાનિક નામ Luffa Acutangula..

આના કડવા ફળ વમન તથા આસ્થાપન યોગો માં પ્રયોજાય છે...

5:07 PM


Luffa Acutangula
कृतवेधन
Fruit

कृतवेधन

કડવાં તુરીયાં

9..क्लीतक
આદ્રતા અથવા પચપચતા પણુ શરીર તથા મન માંથી(નપુંસકપણા ને) દૂર કરી ને તન મન ને સુદ્રઢ તથા વીર્યવાન કરનાર...

આનુપ અને સ્થલજ એમ બે પ્રકાર ના ક્લીતક ના ફળ લેવાનું ચરક માં જણાવેલ છે...
આનુપ એટલે કાશ્મીર ના
બારામુલ્લા જેવા આનુપ પ્રદેશ માં થતું યષ્ટીમધુ...
તથા સ્થલજ નોર્થ-વેસ્ટ ફ્રંટીયર નો જે ભાગ હાલ પાકીસ્તાન માં છે એમાં થતું યષ્ટીમધુ...
આમસ્ટરડમ યુનિ. માં
વૈજ્ઞાનિક સંશોધન થી સાબિત થયુ છે કે યષ્ટીમધુ ના મૂળીયા નો પાઉડર મોઢાં વાટે લેવાથી શરીર માંથી પૉટેશીયમ ના લવણ મૂત્ર માં વધુ નીકળે છે જયારે સોડીયમ ના લવણ સ્ટોર થાય છે જેને લઇ ને શરીર માં વજન વધારો થાય છે બ્લડસરક્યુલેટરી સિસ્ટમ પર વધારા નું દબાણ આવતા ખાસ કરી ને એંકલ જોઇન્ટ પર સોજા આવે છે... આથી કદાચ ચરકસંહિતા માં ફલીની ના લીસ્ટ માં યષ્ટીમધુ ને મુકાયું હશે..
આનું ગુજરાતી નામ જેઠીમધ તથા વૈજ્ઞાનિક નામ Glycyrrhiza Glabra

આના ફળ ને ચરક માં વિરેચન યોગ માં પ્રયોજ્યા છે...
5:37 PM

Glycyrrhiza Glabra

क्लीतक आनुपदेशे

Glycyrrhiza Glabra

क्लीतक (स्थलज)


स्थलज क्लीतिक फलशिंग



आनुप क्लीतक फलशिंग


क्लीतक
જેઠીમધ


યષ્ટીમધુ ના ફળ ના બીજ

10..प्रकीर्य
જે વિશિષ્ટ રીતે ગુંચવાઈ ને ફેલાતી જાય એવી વેલાળ વનસ્પતિ... સંસ્કૃત માં પૂતિકરંજ કે કુબેરાક્ષ તરીકે ઓળખાય છે જેને ગુજરાતી માં કાંકચા કહે છે એનું વૈજ્ઞાનિક નામ Caesalpinia Crista છે...
આના ફળ ની મીંજ વિરેચન યોગ માં પ્રયોજાય છે...
5:39 PM


Caesalpinia Crista
प्रकीर्या


प्रकीर्ण
કાંકચા

11..उदकीर्य
જે પાણી (उदक) ના કારણે ફેલાય છે...
કરંજ ના વૃક્ષ નદી કિનારે વધુ હોય છે એના બીજ નદી ના વહેતા પાણી માં પડી ને દૂર દૂર સુધી ની જમીન માં પહોંચી ને પુનઃ ઉગે છે...
કરંજ ને ગુજરાતી માં કણઝી કહે છે...
વૈજ્ઞાનિક નામ Pongamia Pinnata છે...
આના ફળ ની મીંજ વિરેચન યોગ માં પ્રયોજાય છે.
6:38 PM


Pongamia Pinnata
उदकीर्य

उदकीर्य

કણઝી



12.. प्रत्येकपुष्पी
લાંબી સળી જેવા પુષ્પદંડ પર ક્રમબદ્ધરીતે ગોઠવાયેલ પુષ્પ હોવાથી પ્રત્યેકપુષ્પી કહેવાય છે... આ વનસ્પતિ માં પુષ્પદંડ સીધો જ નજરે ચઢે છે...

ગુજરાતી માં આને અઘેડો કહે છે...
વૈજ્ઞાનિક નામ Achyranthes Aspera છે..
આના બીજ ને શિરોવિરેચન માટે પ્રયોગ માં લેવાય છે...

11:05 AM

Achyranthes Aspera

प्रत्येक पुष्पी


अपामार्गतंडुल


प्रत्येकपुष्पी
અઘેડો
May.18,2018
PhotoDirector

13.. अभया
જે ભય ને દૂર કરી ને અભય સ્થાપે છે ... અભયા
થી હરડે લેવા માં આવે છે... જેનું વૈજ્ઞાનિક નામ
Terminaliya Chebula છે.. આની ફલમજ્જા
નો પ્રયોગ વિરેચન યોગ માં થાય છે...   11:21 AM


Terminaliya Chebula
अभया

अभया

હરડે



14.. अन्त:कोटरपुष्पी
ઊંડી ગુફા જેવી પુષ્પ રચના...

ચરકસંહિતા માં માત્ર એક જ વાર
અંત:કોટરપુષ્પી નામોલ્લેખ અધ્યાય - ૧ માં
જોવા મળે છે આ વનસ્પતિ ને ગુજરાતી માં
સમુંદ્રશોષ તરીકે ઓળખાવી છે. જેનું વૈજ્ઞાનિક
નામ Argyreia Speciosa છે.. આના ફળ
વિરેચન યોગ માં વપરાય છે...

11:43 AM

Argyreia Speciosa

अन्तःकोटरपुष्पी


अन्तःकोटरपुष्पी
समुंद्रशोष

15..हस्तिपर्णी

વિસ્તાર માં મોટા અને જોતાં જ આકર્ષણ અને આશ્ચર્ય થાય એવા પાન ધરાવતી વનસ્પતિ...
આના ફળ વમન યોગ માં વાપરેલ છે..
આ વનસ્પતિ સંદિગ્ધ છે... વૈજ્ઞાનિક નામ

15..हस्तिपर्णी

વિસ્તાર માં મોટા અને જોતાં જ આકર્ષણ અને આશ્ચર્ય થાય એવા પાન ધરાવતી વનસ્પતિ...
આના ફળ વમન યોગ માં વાપરેલ છે..
આ વનસ્પતિ સંદિગ્ધ છે... વૈજ્ઞાનિક નામ
Merremia Peltata ધરાવતી વનસ્પતિ ને હસ્તિપર્ણી તરીકે ઓળખાવેલ છે...ધરાવતી વનસ્પતિ ને હસ્તિપર્ણી તરીકે ઓળખાવેલ છે...

12:04 PM

Merremia peltata

हस्तिपर्णी

हस्तिपर्णी


हस्तिपर्णी


May.18,2018
PhotoDirector

16.. શારદામ્
શરદ ઋતુ માં લાગતી ફળશીંગો...
આ વનસ્પતિ વિશે વિદ્વાનો માં ઘણાં મંતમતાંતર છે.. સારીવા અને નિલીકા ના ફળ શરદ માં આવે છે જયારે સપ્તપર્ણ ને પુષ્પો શરદ માં લાગે છે...
નિઘંટુ માં ત્રણેય વનસ્પતિ ને શારદી કે શારદામ્ પર્યાય આપેલ છે... નિલીકા (ગળી) વનસ્પતિ ના ફળશીંગ ના બીજ વિરેચન માં ઉપયોગી છે એ જોતાં ત્રણેય પૈકી નિલીકા એ શારદામ્ તરીકે વધુ યોગ્ય લાગે છે
ગુજરાતી માં નિલીકા ને ગળી કહે છે.. જેનું વૈજ્ઞાનિક નામ Indigofera Tinctoria છે.

12:55 PM


Indigofera Tinctoria
शारदाम्


निलीका
ગળી
May 18,2018
PhotoDirector


शारदाम्


ગળી ના બીજ
May.18,2018
PhotoDirector

17.. कंपिल्लक
જેના ફળ ખાવાથી રેચ લાગે છે અને શરીર માં કંપકંપી (થ્રીલ) અનુભવાય છે..
ગુજરાતી માં પણ કંપિલો કહેવાય છે તાપી નદી ના કિનારે આના ઘણાં વૃક્ષ છે...
વૈજ્ઞાનિક નામ Mallotus philipinensis
ચરક માં કંપીલા ના આખા ફળ ના ચુર્ણ ને વિરેચન માં વાપરવાનું લખ્યું છે... પણ આજે ફળ પર ચોટેંલી રજ જેવા પાઉડર નો પ્રયોગ ઔષધિયોગ માં થાય છે આ રજ પાણી માં અદ્રાવ્ય છે પણ આલ્કોહોલ માં ઓગળે છે... આથી કદાચ ચરક ના સમય માં આખુ ફળ યોગ માં વપરાતું હશે...

1:09 PM


Mallotus philipinensis
कंपिल्लक


कंपिल्लक
કંપીલો

18..आरग्वध
જે રોગ થવાની શંકા નો પણ નાશ કરે છે... रग =
શંકા
ગુજરાતી માં આ વનસ્પતિ ને ગરમાળો તરીકે
ઓળખે છે જેનું વૈજ્ઞાનિક નામ Cassia
Fistula છે.. આના ફળ સુખવિરેચનીય યોગ માં
વપરાય છે.
5:06 PM

Cassia Fistula

आरग्वध


आरग्वध
ગરમાળો

19.. कुटज
પર્વતીય પ્રદેશ માં જન્મે છે...
આના ફળ ના બીજ ને ઇન્દ્રયવ કહે છે અને વમન તથા આસ્થાપન યોગો માં પ્રયોજવા માં આવે છે..
ગુજરાતી માં જેને કડો કહે છે તથા વૈજ્ઞાનિક નામ Holarrhena Antidysenterica છે.

5:12 PM


Holarrhena Antidysenterica
कुटज


कुटज


કડો
May.18,2018
PhotoDirector

ચરકસંહિતા સૂત્રસ્થાન ના પ્રથમ અધ્યાય માં મૂલીની અને ફલીની બાદ..अशमन्तक , स्नुही અને अर्क આ ત્રણેય ના क्षीर તેમજ पूतिक, तिल्वक અને कृष्णगंधा આ ત્રણ वृक्ष ની છાલ નો परीसर्प शोथ अर्श दद्रु विद्रधि गंड कृष्ठ अलजी જેવા ત્વચારોગ વિકારો માં આ છ વનસ્પતિઓ શરીરસંશોધન માટે વમન કે વિરેચન ઔષધીયોગો માટે મહત્વ ની બતાવેલ છે...

1.. अश्मान्तक:

જે अश्म (કાળામીંઢ- ગોળ પત્થર) ને પણ आन्तक આવરી લે છે અથવા પોતાના વિસ્તાર થી ઢાંકી દે છે એ...

આ વનસ્પતિ સંદિગ્ધ છે...

પણ એક વાત નિશ્ચિત છે કે એને તોડતા ક્ષીર ટપકે છે તથા તૃણ કે ક્ષુપ પ્રકાર ની છે...તથા એનું ક્ષીર વામક છે...

વિદ્વાનો એ... અશ્મન્તક તરીકે Buhinia racemosa ગણાવેલ છે પણ એમાંથી ક્ષીર આવતુ નથી અને વામક પણ નથી.. FicusRumphii માં ક્ષીર આવે છે પણ એ વામક નથી.

કટી મેખલા બનાવવા વપરાતી મુંજ જેવી કોઇ ઘાસવર્ગ ની વનસ્પતિ હોય એવું લાગે છે કારણ કે એના એક ગુણ મૂત્રલ પણ બતાવેલ છે અને મેદ તથા કફ ને હરનાર પણ છે...

5:27 PM

2..स्नुही
જેને છેદતાં ભરપુર ક્ષીર પ્રસ્ત્રવે છે...
ગુજરાતી માં જેને વાડ થોર તરીકે ઓળખે છે અને
જેનું વૈજ્ઞાનિક નામ Euphoria Caducifolia
છે.. આ ના ક્ષીર નો ઉપયોગ વિરેચન યોગ માં
કરાયો છે...


Euphoria Caducifolia
स्नुही


વાડ થોર
May.18,2018
PhotoDirector

3.. अर्क
જે પ્રખર તેજ (ઉષ્ણતા) ને લઇ ને લોકકલ્યાણ કારી હોવાથી પૂજાય છે એ...
ગુજરાતી માં જેને આકડો કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Calotropis Procera છે..
એનું ક્ષીર વમન તથા વિરેચન બંન્ને માં પ્રયોજાય છે...

Calotropis Procera

अर्क

આકડો

4.. पूतिक
જેમાં થી વિષ્ટા-મળ જેવી અસહ્ય દુર્ગંધ આવે છે એવી વનસ્પતિ...
આ વનસ્પતિ વિશે પણ વિદ્વાનો નો મંતમતાંતર છે કોઇ એ પૂતિકરંજ કે કાંકચા ને ગણાવેલ છે પણ આજ અધ્યાય માં પ્રકીર્ય અંતર્ગત એ આવી જાય છે બીજું એ ક્ષુપ કે વેલ પ્રકાર ની છે અને એ ફલીની ના લીસ્ટ માં છે એટલે છાલ ના લીસ્ટ માં પુનોરોક્તિ ના હોઇ શકે...
પૂતિક ના વર્ણવેલ ગુણકર્મ સાથે ગુજરાતી માં જેને હરમોબાવળ કહે છે... આ બાવળ ની છાલ સફેદ અને ગુંદર વિષ્ટાગંધી હોય છે...
આનું વૈજ્ઞાનિક નામ Acacia Leacophloea છે.. એ બરાબર મેળે આવે છે... આની છાલ ને ત્વચાવિકારો માં વિરેચન અર્થે પ્રયોજવામાં આવે છે...

Acacia Leacophloea

पूतिक


पूतिक


May.18,2018
PhotoDirector

5..तिल्वकः

જેની છાલ માં તલ (तिल) ની જેમ સ્નેહ રહેલ છે અને શરીર ને પણ સ્નેહ થી સ્નિગ્ધ કરે છે...

મોટાભાગે तिल्वकः થી रोध्र એટલે કે લોધર લેવાય છે... પણ ચરક માં જે તિલ્વક ના ગુણકર્મ વર્ણવેલ છે એની સાથે લોધર ની પ્રોપર્ટી સાથે મેળ માં આવતા નથી...
લોધર... લઘુ, રૂક્ષ, કષાયરસ શિતવીર્ય, ગ્રાહી અને સ્તંભક છે.
જયારે ચરક માં જે રીતે તિલ્વક ના ઔષધીય પ્રયોગ દર્શાવેલ છે એ પ્રમાણે તિલ્વક... ગુરૂ, સ્નિગ્ધ, રેચક ,ઉષ્ણવીર્યપ્રધાન કટુરસ ધરાવતું હોવું જોઈએ...
તિલ્વક થી વૈજ્ઞાનિક નામ Vibrunum Grandiflourm
વાળી હિમાલય માં થતી વનસ્પતિ લઇ શકાય છે જેની પ્રોપર્ટી તિલ્વક સાથે મેળે આવે છે...


VIBRUNUM
GRANDIFLORUM


तिल्वक
PhotoDirector

6..कृष्णगंधा
કાળામરી નો એક પર્યાય કૃષ્ણ છે તથા પિપ્પલી
નો એક પર્યાય કૃષ્ણા છે એટલે જે વૃક્ષ ની છાલ
મરી કે પીપર જેવી તીક્ષ્ણગંધી છે એ...
વિદ્વાનો કૃષ્ણગંધા થી સરગવો લે છે.. કડવા
સરગવા ને ગુજરાતી માં સેકટો કહે છે.. જેનું
વિજ્ઞાનીક નામ Moringa Concanensis
ચરક માં આની છાલ ને વિરેચન યોગ માં પ્રયોજી
છે.

Moringa Concanensis

कृष्णगंधा

કડવો સરગવો

સેકટો